# <u>પ્રેસ નોટ તા.૧૧/૦૭/૨૦૨૩</u>

## <u>છોટાઉદેપુર જિલ્લાના કદવાલ પોલીસ સ્ટેશનના અપહરણના ગુનામાં નાસતા ફરતા આરોપીને પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ</u>

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી સાહેબશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર નાઓ દ્વારા તા.૧૦/૦૭/૨૦૨૩ થી તા.૩૧/૦૭/૨૦૨૩ સુધી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા ખાસ ડ્રાઇવનું આયોજન કરેલ હોય, ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ નાઓએ આ ડ્રાઇવ દરમ્યાન ભાવનગર રેન્જના જિલ્લાઓમા ગુનાઓ કરી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ નાઓએ અમરેલી જિલ્લામા ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી નાઓની રાહબરી  હેઠળ એલ.સી.બી. ટીમે કદવાલ પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૮૪૦૦૪૨૩૦૩૪૫/૨૦૨૩, આઇ.પી.સી. કલમ ૩૬૩, ૩૬૬ મુજબના ગુનાનો આરોપી ભોગ બનનારનું અપહરણ કરી નાશી ગયેલ હોય, મજકુર આરોપીને અમરેલી ટાઉનમાં પેટ્રોલીંગ દરમિયાન મળેલ બાતમી હકિકત આધારે અમરેલી ટાઉનમાંથી ભોગ બનનાર સાથે પકડી પાડી, પકડાયેલ આરોપી તથા ભોગ બનનાર આગળની કાર્યવાહી થવા અમરેલી સીટી પોલીસ સ્ટેશન સોંપી આપેલ છે.

➯ પકડાયેલ આરોપીની વિગતઃ-

જગદીશ અરવિંદભાઇ રાઠવા, ઉ.વ.૨૬, રહે.આબાખુટ, તા. જેતુપર પાવી, જિ.છોટાઉદેપુર

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી તથા એ.એસ.આઇ. તથા હેડ કોન્સ., તથા પો.કોન્સ દ્વારા કરવામાં આવેલ છે.

## પ્રેસ નોટ તા.૧૧/૦૭/૨૦૨૩

## અમરેલી રૂરલ પો.સ્ટે. માં e-FIR દ્વારા દાખલ થયેલ મોબાઇલ ચોરીના ગુનામાં એક ઇસમને ચોરીના મોબાઇલ ફોન સાથે પકડી પાડી, અનડીટેકટ ગુનો ડીટેકટ કરતી અમરેલી એલ.સી.બી. ટીમ

ગુજરાત સરકારીશ્રી દ્વારા ગુજરાતના નાગરીકોને આપવામાં આવતી ઓનલાઇન સેવાઓમાં વધારો કરી, વાહન ચોરી કે મોબાઇલ ચોરી થયા અંગેની ફરીયાદ કરવા પોલીસ સ્ટેશનમાં જવુ ન પડે, અને ઘરે બેઠા ફરીયાદ કરી શકાય તે માટે સીટીઝન પોર્ટલ અથવા સીટીઝન ફર્સ્ટ મોબાઇલ એપ મારફતે ફરીયાદ કરવા e-FIR ની સુવિધાનો પ્રારંભ કરવામાં આવેલ છે. જે અન્વયે પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી સાહેબશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર નાઓએ સરકારશ્રીની આ યોજનાનો લાભ લેવા નાગરીકો દ્વારા વાહન ચોરી કે મોબાઇલ ચોરી અંગે દાખલ કરવામાં આવતી e-FIR અન્વયે સુચનો અને માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે.

⇨ ગુનાની વિગતઃ-

ગઇ તા.૨૧/૦૪/૨૦૨૩ ના રોજ ઉત્સવભાઇ પ્રવિણભાઇ સોંડાગર, ઉ.વ.૧૯, રહે.તરવડા, તા.જિ.અમરેલી વાળા બાબાપુર ગામે કામ અર્થે ગયેલ હોય, તે દરમિયાન પોતાનો એન્ડ્રોઇડ મોબાઇલ ફોન કિં.રૂ.૭,૯૯૯/- નો કોઇ અજાણ્યો ચોર ઇસમ ચોરી કરી લઇ ગયેલ હોય, જે અંગે ઉત્સવભાઇ દ્વારા e-FIR કરાવેલ હોય, જે e-FIR અંગે ખરાઇ કરી, તેના પરથી અમરેલી રૂરલ પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૪૨૩૦૨૧૫ /૨૦૨૩, ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો ગુનો રજી. કરવામાં આવેલ.

ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમા e-FIR દ્વારા દાખલ થયેલ અનડીટેકટ ગુનાઓ ડીટેકટ કરવા સુચના આપેલ હોય, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ નાઓએ અમરેલી જિલ્લામા e-FIR થી દાખલ થયેલ ગુનાઓના આરોપીઓને પકડી પાડી, નાગરિકોના ચોરાયેલ વાહન, મોબાઇલ ફોન તેમને પાછા મળે, તે માટે જરૂરી કાર્યવાહી કરવા અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી તથા એલ.સી.બી. ટીમ ને જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ હતુ.

ઉપરોકત ગુનાના અજાણ્યા આરોપી અંગે એલ.સી.બી. ટીમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવેલ અને અમરેલી તાલુકા વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન ગાવડકા ચોકડી પાસેથી એક ઇસમને શંકાસ્પદ હાલતમાં પકડી પાડેલ અને તેની પાસેથી ઉપરોકત ચોરીમાં ગયેલ મોબાઇલ ફોન મળી આવતા, પકડાયેલ ઇસમને ચોરીના મોબાઇલ ફોન સાથે આગળની કાર્યવાહી થવા અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

⇨ પકડાયેલ આરોપીની વિગતઃ-

રણજીત ઉર્ફે ટીણાભાઇ મોહનભાઇ ગોંડલીયા, ઉ.વ.૪૧, રાવણી મુંડીયા, તા.વીસાવદર, જિ.જુનાગઢ.

⇨ રીકવર કરેલ મુદ્દામાલની વિગતઃ-

એક રેડમી કંપનીનો 9। મોડલનો એન્ડ્રોઇડ મોબાઇલ ફોન કિં.રૂ.૮,000/- નો મુદ્દામાલ

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી તથા અમરેલી એલ.સી.બી.ના એ.એસ.આઇ. તથા પો.કોન્સ. દ્વારા કરવામાં આવેલ છે.

**પ્રેસ નોટ તા.૧૧/૦૭/૨૦૨૩**

**ભગવાનની સુવર્ણ રજત તુલા કરવાનું કહી ધારીના સોની તથા મહંતને વિશ્ર્વાસમાં લઇ સોના/ચાંદીના ઢાળીયા કિં.રૂ.૧૨,૩૫,૦૦૦/- ના છેતરપિંડીથી મેળવી ફરાર થયેલ આરોપીને પકડી પાડતી અમરેલી એલ.સી.બી.**

➡ ગુનાની વિગતઃ-

ગઇ તા.૦૭/૦૭/૨૦૨૩ નાં ધારી, સ્વામિનારાયણ મંદિરમાં શૈલેષ છગનભાઇ ઉંધાડ રહે.સુરત વાળો હરિભકત બનીને આવેલ અને ભગવાનને સુવર્ણ તથા રજત તુલા કરવાનું મંદિરના કોઠારી સ્વામીને કહેલ અને કોઇ મંદિર સંલગ્ન સોની વેપારી હોય તો સોનુ/ચાંદી લઇ આવવા અને જે પૈસા થાય આપી દેવાનું કહેતા, કોઠારી સ્વામીએ સોની વેપારી દિવ્યેશભાઇ જીતેન્દ્રભાઇ સીધ્ધપુરા, ઉ.વ.૨૮, રહે.ધારી, મેઇન બજાર, તા.ધારી, જિ.અમરેલી વાળા ફોન કરી વાત કરેલ, દિવ્યેશભાઇ પોતાની ધારીમાં આવેલ એન.ડી.એસ. સોનાની દુકાનમાંથી ચાંદીના ઢાળીયા નંગ – ૬ કિં.રૂ.૧,૯૮,૦૦૦/- તથા સોનાના ઢાળીયા નંગ – ૪ કિં.રૂ.૧૦,૩૭,૦૦૦/- મળી કુલ કિં.રૂ.૧૨,૩૫,૦૦૦/- ના લઇને મંદિરે ગયેલ. આ શૈલેષ છગનભાઇ ઉંધાડે ભગવાનની સુર્વણ/રજત તુલા કરેલ, અને બાદમાં બૈરાઓને દર્શન કરવા છે તમો બધા બહાર આવતા રહો તેમ કહેતા, કોઠારી સ્વામી તથા સોની વેપારી ઓફીસમાં આવતા રહેલ, અને ઘણી વાર લાગતા અને આ શૈલેષ ઓફીસમાં નહી આવતા મંદિરમાં જોતા આ શૈલેષ છગનભાઇ ઉંધાડ સોની વેપારી પાસેથી લીધેલ સોના ચાંદીના ઢાળીયા લઇ ફરાર થઇ ગયેલ હતો, જે અંગે દિવ્યેશભાઇએ ફરીયાદ જાહેર કરતા ધારી પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૧૮૨૩૦૩૭૪ /૨૦૨૩, આઇ.પી.સી. કલમ ૪૦૬, ૪૨૦, ૧૨૦બી મુજબ ગુનો રજી. થયેલ.

ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા મિલકત સબંધી ગુનાઓ આસરી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ નાઓએ મિલકત સબંધી ગુનાઓ આચરતા ઇસમોને પકડી પાડી, મુદ્દામાલ રીકવર કરી તેના મુળ માલિકને મિલકત પાછી મળે તે માટેના સઘળા પ્રયત્નો કરવા માર્ગદર્શન આપેલ હોય,

જે અનવયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી નાઓની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમએ ઉપરોકત ગુનો કરી નાશી જનાર આરોપીને બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે પકડી પાડી, આગળની કાર્યવાહી થવા ધારી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

➡ પકડાયેલ આરોપીની વિગતઃ-

શૈલેષ છગનભાઇ ઉંધાડ, ઉ.વ.૪૧, રહે.થાણા ગાલોળ, તા.જેતપુર, જિ.રાજકોટ.

➡ પકડાયેલ આરોપીનો ગુનાહિત ઇતિહાસઃ-

પકડાયેલ આરોપી શૈલેષ છગનભાઇ ઉંધાડ વિરૂધ્ધ નીચે મુજબના ગુનાઓ રજી. થયેલ છે.

(૧) સરથાણા પો.સ્ટે. (સુરત શહેર) ફ. ગુ.ર.નં. ૪૯૮/૨૦૧૯, IPC કલમ ૪૦૬, ૪૨૦, ૧૧૪ મુજબ.

(૨) માલવીયા નગર પો.સ્ટે. (રાજકોટ શહેર) ફ. ગુ.ર.નં.૮/૨૦૧૯, IPC કલમ ૪૦૬, ૪૨૦, ૧૧૪ મુજબ.

(૩) સી ડીવી. પો.સ્ટે.(જુનાગઢ)ગુ.ર.નં.૧૧૨૦૩૦૦૪૨૧૧૦૧૦/૨૦૨૧, IPC કલમ ૪૦૬,૪૨૦,૧૨૦બી મુજબ.

(૪) બી ડીવી.પો.સ્ટે.(કચ્છ પશ્ચિમ/ભુજ) ગુ.ર.નં.૧૧૨૦૫૦૪૩૨૩૦૦૮૯/૨૦૨૩, IPC કલમ ૪૦૬,૪૨૦ મુજબ.

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી તથા એલ.સી.બી. ટીમના હેડ કોન્સ. તથા પો કોન્સ દ્વારા કરવામાં આવેલ છે.

**પ્રેસ નોટ તા.૧૧/૦૭/૨૦૨૩**

**અમરેલી જિલ્લાના વડીયા પોલીસ સ્ટેશનના અપહરણ તથા પોકસોના ગુનામાં છેલ્લા આંઠ વર્ષથી નાસતા ફરતા લીસ્ટેડ આરોપીને પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ**

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી સાહેબશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર નાઓ દ્વારા તા.૧૦/૦૭/૨૦૨૩ થી તા.૩૧/૦૭/૨૦૨૩ સુધી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા ખાસ ડ્રાઇવનું આયોજન કરેલ હોય, ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ નાઓએ આ ડ્રાઇવ દરમ્યાન ભાવનગર રેન્જના જિલ્લાઓમા ગુનાઓ કરી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ નાઓએ અમરેલી જિલ્લામા ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી નાઓની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે વડીયા પો.સ્ટે. ફ. ગુ.ર.નં.૦૩/૨૦૧૫, આઇ.પી.સી. કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ તથા પોકસો એકટ કલમ ૪, ૮ મુજબના ગુનાનો આરોપી છેલ્લા આંઠ વર્ષથી પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતો ફરતો હોય, તેમજ મજકુર લીસ્ટેડ આરોપીને ટેક્નીકલ સોર્સ અને બાતમી હકિકત આધારે ગઇ રોજ તા.૧૦/૦૭/૨૦૨૩ નાં રોજ રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના ખીજડીયા ગામેથી પકડી પાડી, આગળની કાર્યવાહી થવા સારૂ વડીયા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

➡ પકડાયેલ આરોપીની વિગતઃ-

કાળુ ડુંગરસિંહ અજનાર, ઉ.વ. ૨૪, રહે. કુંદલવાસા, અરંડી ફળીયા, તા. જોબટ, જિ.અલીરાજપુર, મધ્યપ્રદેશ હાલ રહે. ખીજડીયા, તા.પડધરી, જિ.રાજકોટ

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી તથા એ.એસ.આઇ., તથા હેડ કોન્સ. તથા પો.કોન્સ દ્વારા કરવામાં આવેલ છે.



## <u>પ્રેસ નોટ તા.૧૨/૦૭/૨૦૨૩</u>

## <u>પીપાવાવ મરીન પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પકડાયેલ ગેરકાયદેસર માદક પદાર્થ સુકા પોષ ડોડા તથા અફીણના ગુનામાં માલ આપનાર રાજસ્થાનનાં આરોપીને ઝડપી પાડતી અમરેલી એસ.ઓ.જી.ટીમ.</u>

ગુજરાત રાજ્યના અધિક પોલીસ મહાનિદેશકશ્રી સી.આઇ.ડી.ક્રાઇમ અને રેલ્વેઝ, ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા રાજ્યમાં ગેરકાયદેસર નાર્કોટીક્સના પદાર્થ, કેફી ઔષધો, મન:પ્રભાવી દ્રવ્યોના ગેરકાયદેસર વેપાર, હેરા-ફેરી, વેચાણ અટકાવવા ખાસ સ્પેશ્યલ ડ્રાઈવ (ઝુંબેશ) તા.૧૦/૦૭/૨૦૨૩ થી તા.૩૦/૦૭/૨૦૨૩ સુધીનું આયોજન કરવામાં આવેલ હોય, જેના ભાગ રૂપે એ.ટી.એસ.ના માર્ગદર્શન હેઠળ માદક પદાર્થના ગેરકાયદેસર વેચાણ અને વહન અંગેના કેસો કરવા અને તેવા પદાર્થ શોધી તેનું ગેરકાયદેસર વેચાણ કરતા ઇસમોને ઝડપી પાડવા અને ગુજરાત રાજ્યને નશા મુક્ત કરવા અભિયાન હાથ ધરેલ છે.


જે અનુસંધાને શ્રી સાહેબ, પોલીસ મહાનિરીક્ષકશ્રી ભાવનગર વિભાગ, ભાવનગરનાંઓની જરૂરી સુચનાં અને માર્ગદર્શન હેઠળ અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ નાઓએ એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી તથા એસ.ઓ.જી. પોલીસ સબ ઇન્સ્પેક્ટરશ્રી તથા એસ.ઓ.જી. ટીમને અમરેલી જીલ્લામાં કેફી પદાર્થોનું ગેરકાયદેસર રીતે વેંચાણ કરતા તથા નાસતા-ફરતા ઈસમોને ઝડપી પાડી યુવાધનને બરબાદીનાં રસ્તે જતા અટકાવવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપેલ હોય, એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી એસ.જી.દેસાઇ, તથા એસ.ઓ.જી.ટીમ પીપાવાવ મરીન પો.સ્ટે. બી-પાર્ટ ગુ.ર.નં.૦૧૫૪/૨૦૨૩ એન.ડી.પી.એસ. એકટની કલમ-૧૫, ૧૭, ૧૮ તથા ૨૯ મુજબના ગુન્હાના કામે રાજસ્થાનનો નાસતો ફરતો આરોપી તાજારામ વર્ધારામ ચૌધરી હાલ રહે.અમદાવાદવાળાને હ્યુમન ઈન્ટેલીજન્સ તથા ટેક્નિકલ સોર્સ મારફતે ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

તાજારામ વર્ધારામ ચૌધરી, ઉ.વ.૩૦, ધંધો-ડ્રાઇવીંગ, રહે.દેવડા તા.ચાચોર જી.જાલોદ (રાજસ્થાન) હાલ-ઓઢવ, આદીનાથ સોસાયટી, પ્લોટ નં.૩૦૧, રાજપુતના મકાનમાં, જડેશ્વર મહાદેવ મંદિર પાસે, અમદાવાદ જી.અમદાવાદ.

મજકુર ઈસનાં કબ્જામાંથી એન્ડ્રોઇડ મોબાઇલ ફોન નંગ-૧, કિ.રૂા.૫,૦૦૦/- તથા ગુનામાં ઉપયોગ કરેલ બોલેરો પીક-અપ વાહન રજી.નં. GJ-08-AU-0955, કિ.રૂા.૨,૫૦,૦૦૦/-ના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવેલ છે.

મજકુર પકડાયેલ ઈસમની પુછપરછ દરમિયાન પીપાવાવ મરીન પો.સ્ટે. બી-પાર્ટ ગુ.ર.નં.૦૧૫૪/ ૨૦૨૩ એન.ડી.પી.એસ. એકટની ક.૧૫,૧૭,૧૮ તથા ૨૯ મુજબના ગુનાંના કામે પકડાયેલ આરોપી સોમાભાઇ ગાંડાભાઇ વાઘ, રહે.રામપરા-૨, રાધા-કૃષ્ણ મંદિરવાળી શેરી, તા.રાજુલા, જિ.અમરેલીવાળાને માદક પદાર્થ સુકા પોષ ડોડાનાં ખાલી ખોખા તથા તેનો ભુકકાનો જથ્થો આપેલ હતો. મજકુર પકડાયેલ ઈસમને વધુ તપાસ અર્થે પીપાવાવ મરીન પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ છે.

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ, નાઓની સુચનાં અને માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી તથા એસ.ઓ.જી. પોલીસ સબ ઇન્સ્પેક્ટરશ્રી તથા એસ.ઓ.જી. ટીમનાં એ.એસ.આઇ. તથા હેડ કોન્સ., દ્વારા કરવામાં આવેલ છે.



**<u>પ્રેસ નોટ તા.૧૨/૦૭/૨૦૨૩</u>**

**<u>લીલીયા  પોલીસ સ્ટેશન વિસ્તારનાં ભેસવડી ગામેથી બોગસ ડોક્ટરને ઝડપી પાડતી અમરેલી એસ.ઓ.જી.ટીમ.</u>**

શ્રી સાહેબ, પોલીસ મહાનિરીક્ષકશ્રી ભાવનગર વિભાગ, ભાવનગર નાંઓ દ્વારા ગેરકાયદેસર સરકાર માન્ય એલોપેથીક સારવાર કરવા માટેની ડિગ્રી વગર ક્લિનિક ચલાવી દર્દીઓ પાસેથી ફી લઇ સારવાર આપી પૈસા વસુલ કરી ડોકટરની રજી.મેડીકલ પ્રેકટીશનરને લગતી ડિગ્રી ન હોવા છતાં એલોપેથીક દવાઓ તથા મેડિકલને લગત સાધન સામગ્રી અંગે ચેકીંગ હાથ ધરી ગેરકાયદેસર મળી આવ્યેથી કાયદેસરની કાર્યવાહી કરવા સુચનાં આપેલ હોય, જે અન્વયે પોલીસ અધિક્ષકશ્રી સાહેબ, અમરેલીનાઓનાં માર્ગદર્શન હેઠળ અમરેલી જીલ્લામાં આવા બોગસ ડોક્ટરોની ડિગ્રી વગર ક્લિનિક ચલાવી મેડિકલ પ્રેકિટસ કરી આવા કૃત્યથી માનવ જીંદગી જોખમાય તેમ હોય, તેવુ પોતે જાણતા હોવા છતા દર્દીઓને નિદાન/સારવાર આપી માનવ જીંદગી સાથે ચેડા કરનાર વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપવામાં આવેલ.

જે અનુસંધાને એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી તથા પોલીસ સબ ઇન્સ્પેક્ટરશ્રી તથા એસ.ઓ.જી.ટીમ અમરેલી જિલ્લામાં આવા બોગસ ડોક્ટરની માહિતી મેળવી અને તેઓ વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવા સતત પ્રયત્નશીલ રહેલ હોય, લીલીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે, લીલીયા તાલુકાનાં ભેસવડી ગામે, મહિલા ગૃહ ઉદ્યોગમાં “વૈદિક” ક્લિનીક નામે ગેરકાયદેસર દવાખાનુ/કલીનિક ચાલતું હોય, જે અન્વયે સદરહું જગ્યાએ તાલુકા હેલ્થ ઓફીસરશ્રી, તથા ફાર્માસીસ્ટ સાથે રેઇડ કરતા મજકુર ઈસમને એલોપેથીક દવાઓ, દવાની બોટલો, ઇન્જેકશન તથા સિરપની બોટલો-ટયુબ વિગેરે મેડિકલને લગતી સાધન સામગ્રીના જથ્થા સાથે ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

મુકેશભાઇ ઘેલાભાઇ ખસીયા ઉ.વ.૩૮, ધંધો-ડોકટર, રહે.લોકા તા.લીલીયા જી.અમરેલી.

મજકુર પકડાયેલ ઈસમ પાસેથી એલોપેથીક દવાઓ તથા મેડિકલને લગત સાધન સામગ્રી વસ્તુ કુલ નંગ-૧૨૫, કિ.રૂા.૬૩,૮૨૪/- ના મુદ્દામાલ સાથે પકડી પાડવામાં આવેલ છે. અને મજકુર પકડાયેલ ઈસમ વિરૂધ્ધ ગુનો રજી. કરી આગળની ઘટીત કાર્યવાહી અર્થે લીલીયા  પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ છે.

આમ, આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ, નાઓની સુચનાં અને માર્ગદર્શન હેઠળ અમરેલી એસ.ઓ.જી.પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી તથા પોલીસ સબ ઇન્સ્પેક્ટરશ્રી તથા એસ.ઓ.જી.ટીમ ના એ.એસ.આઇ. તથા હેડ  કોન્સ. દ્વારા કરવામાં આવેલ છે.

**<u>પ્રેસ નોટ તા.૧૩/૦૭/૨૦૨૩</u>**

**<u>અમરેલી જિલ્લાના વડીયા પોલીસ સ્ટેશનના અપહરણ અને પોકસોના ગુનામાં છેલ્લા આંઠ વર્ષથી નાસતા ફરતા લીસ્ટેડ આરોપીને પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ</u>**

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી સાહેબશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર નાઓ દ્વારા તા.૧૦/૦૭/૨૦૨૩ થી તા.૩૧/૦૭/૨૦૨૩ સુધી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા ખાસ ડ્રાઇવનું આયોજન કરેલ હોય, ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ નાઓએ આ ડ્રાઇવ દરમ્યાન ભાવનગર રેન્જના જિલ્લાઓમા ગુનાઓ કરી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ નાઓએ અમરેલી જિલ્લામા ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી નાઓની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે વડીયા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૦૩/૨૦૧૫, આઇ.પી.સી. કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ તથા પોકસો એકટ કલમ ૪, ૮ મુજબના ગુનાનો આરોપી છેલ્લા આંઠ વર્ષથી પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતો ફરતો હોય, તેમજ મજકુર લીસ્ટેડ આરોપીને ટેક્નીકલ સોર્સ અને બાતમી હકિકત આધારે આજ રોજ તા.૧૩/૦૭/૨૦૨૩ નાં રોજ વડોદરા જિલ્લાના વાઘોડીયા તાલુકાના પાંચદેવલા ગામેથી પકડી પાડી, આગળની કાર્યવાહી થવા સારૂ વડીયા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

⇨ પકડાયેલ આરોપીની વિગતઃ-

ચમરીયા ઉર્ફે અમરીયા રઘુનાથભાઇ અજનાર, ઉ.વ.૨૭, રહે.અરંડી ફળીયા ગામ, તડવી ફળીયા, તા.જોબટ, જિ.અલીરાજપુર, મધ્યપ્રદેશ હાલ રહે. પાંચદેવલા, તા.વાઘોડીયા, જિ.વડોદરા.

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી તથા એ.એસ.આઇ. તથા પો.કોન્સ. દ્વારા કરવામાં આવેલ છે.




**<u>પ્રેસ નોટ તા.૧૪/૦૭/૨૦૨૩</u>**

**<u>સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારનાં પીઠવડી ગામેથી એક હાથ બનાવટની દેશી જામગરી બંદુક (અગ્નિશસ્ત્ર હથિયાર) સાથે એક ઈસમને ઝડપી પાડતી અમરેલી એસ.ઓ.જી.ટીમ.</u>**

શ્રી સાહેબ, પોલીસ મહાનિરીક્ષકશ્રી ભાવનગર વિભાગ, ભાવનગરનાંઓ દ્વારા સમગ્ર ભાવનગર રેન્જમાં બનતા ગંભીર પ્રકારનાં ગુન્હાઓ અટકાવવા તેમજ ગેરકાયદેસર હથિયાર ધરાવતા ઇસમોને ત્તાત્કાલીક પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવા અંગે જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ, નાંઓ દ્વારા એ.ટી.એસ.ચાર્ટર મુજબના ગંભીર પ્રકારનાં ગુન્હાઓ અટકાવવા તેમજ ગેરકાયદેસર હથિયાર ધરાવતા ઇસમોને ત્તાત્કાલીક પકડી પાડી આરોપીઓ અંગે માહિતી મેળવી, આવા ઈસમોને જેલ હવાલે કરવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી તથા એસ.ઓ.જી. પોલીસ સબ ઇન્સ્પેક્ટરશ્રી, તથા એસ.ઓ.જી.ટીમ, એ.ટી.એસ.ચાર્ટર લગત સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે, , પીઠવડી ગામથી ધાર ગામ તરફ જવાના રસ્તે રહેતા મજીતભાઇ હુસેનભાઇ લાડક ગેરકાયદેસર એક હાથ બનાવટની દેશી જામગરી બંદુક (અગ્નિશસ્ત્ર હથિયાર) પોતાના કબ્જામા રાખેલ છે અને તે આજરોજ કોઇ ગુન્હો કરવાની પેરવીમાં હોય, જે અનુસંધાને બાતમીવાળી જગ્યાને કોર્ડન કરી રેઇડ કરતા એક હાથ બનાવટની દેશી જામગરી બંદુક (અગ્નિશસ્ત્ર હથિયાર) સાથે એક ઈસમને ઝડપી પાડેલ છે.

**પકડાયેલ આરોપી ઃ-**

મજીતભાઇ હુસેનભાઇ લાડક, ઉવ૨૫., ધંધોમજુરી., રહેપીઠવડી ગામની બહાર ધાર., ગામ તરફ જવાના રસ્તે તા . સાવરકુંડલા, જિઅમરેલી..

**કબ્જે કરેલ મુદ્દામાલ ઃ-**

મજકુર પકડાયેલ ઈસમનાં કબ્જામાંથી એક હાથ બનાવટની દેશી જામગરી બંદુક (અગ્નિશસ્ત્ર હથિયાર) સાથે પકડી પાડેલ અને પકડાયેલ ઇસમ વિરૂધ્ધ આર્મ્સ એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરી, ગુન્હો દાખલ કરાવી આરોપીને વધુ તપાસ અર્થે સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપેલ છે.

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષકશ્રી નાઓની સુચનાં અને માર્ગદર્શન હેઠળ અમરેલી એસ.ઓ.જી.પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, તથા એસ.ઓ.જી. પોલીસ સબ ઇન્સ્પેક્ટરશ્રી તથા એ.એસ.આઇ. દ્વારા કરવામાં આવેલ છે.






**<u>પ્રેસ નોટ તા.૧૫/૦૭/૨૦૨૩</u>**

**<u>બગસરા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ગેર કાયદેસર અનાજનો જથ્થો કિ.રૂ. ૨,૯૫,૪૦૦/-ના શંકાસ્પદ મુદ્દામાલ ઝડપી પાડતી અમરેલી એસ.ઓ.જી.ટીમ.</u>**

શ્રી સાહેબ, પોલીસ મહાનિરીક્ષકશ્રી ભાવનગર વિભાગ, ભાવનગર નાંઓ દ્વારા ગેરકાયદેસર અનાજનાં જથથનું વેંચાણ થઇ રહેલ હોય, જે અંગે ચેકીંગ હાથ ધરી ગેરકાયદેસરની પ્રવૃતિ જણાય આવ્યેથી કાયદેસરની કાર્યવાહી કરવા સુચનાં આપેલ હોય, જે અન્વયે પોલીસ અધિક્ષકશ્રી સાહેબ, અમરેલીનાઓનાં માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લામાં આવા ગેર કાયદેસર અનાજનાં જથ્થો મળી આવ્યેથી આવા ઈસમોને પકડી પાડી તેઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપવામાં આવેલ.

જે અનુસંધાને એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી તથા પોલીસ સબ ઇન્સ્પેક્ટરશ્રી તથા એસ.ઓ.જી.ટીમ અમરેલી જિલ્લામાં આવા ગેર કાયદેસર અનાજનાં જથ્થાનું વેંચાણ વહન કરતા હોય, તેવા શંકાસ્પદ ઈસમો ઉપર વોંચ રાખી માહિતી મેળવી અને તેઓ વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવા સતત પ્રયત્નશીલ રહેલ હોય, જે અન્વયે બગસરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે, બગસરાનાં નવા જીન પરા વિસ્તારમાં શંકાસ્પદ આઇસર નંબર **GJ-4-T-6496** માં ગેરકાયદેસર અનાજનો જથ્થો ભરેલ હોય, તેવી ચોક્કસ અને આધારભુત ખાનગી બાતમી આધારે સદરહું વિસ્તાર કોર્ડન કરી ચેક કરતા ઉપરોક્ત આઇસર વાહન મળી આવેલ હોય, જે આઇસર ચેક કરતા ગેર કાયદેસર આધાર-પુરાવા વગરનો અનાજનો ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

**શંકાસ્પદ આરોપી ઃ-**

અલ્તાફ ઉર્ફે ભુરો અલ્લારખભાઇ કાળવાતર, રહે.નવા જીન પરા, તા.બગસરા, જિ.અમરેલી.

**કબ્જે કરેલ મુદ્દામાલ ઃ-**

પકડાયેલ શંકાસ્પદ આઇસરની અંદરથી આધાર પુરાવા વગરનો અનાજનો જથ્થો જેમાં ચોખાનાં ૨૦ કિલો વજનનાં કુલ બાચકા નંગ-૭૫, કિ.રૂ.૬૩,૦૦૦/- તથા ઘઉનાં બાચકા નંગ-૪૦, કિ.રૂ.૩૨,૪૦૦/- તથા શંકાસ્પદ આઇસર વાહન રજી.નંબર **GJ-4-T-6496** કિ.રૂ.૨,૦૦,૦૦૦/- મળી કુલ કિ.રૂ.૨,૯૫,૪૦૦/- મુદ્દામાલ સાથે શંકાસ્પદ આઇસર સાથે મામલતદારશ્રી બગસરા તથા પુરવઠા વિભાગનાં

નાયબ મામલતદારશ્રી બગસરાનાઓની રૂબરૂ સી.આર.પી.સી.કલમ-૧૦૨, મુજબ કાર્યવાહી કરી આગળની ઘટીત કાર્યવાહી અર્થે બગસરા પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ છે.

આમ, આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ, નાઓની સુચનાં અને માર્ગદર્શન હેઠળ અમરેલી એસ.ઓ.જી.પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી તથા પોલીસ સબ ઇન્સ્પેક્ટરશ્રી તથા એસ.ઓ.જી.ટીમ ના એ.એસ.આઇ. તથા હેડ  કોન્સ. દ્વારા કરવામાં આવેલ છે.




**<u>પ્રેસ નોટ તા.૧૬/૦૭/૨૦૨૩</u>**

**<u>સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના હાથ બનાવટની દેશી જામગરી બંદુક (અગ્નિશસ્ત્ર હથિયાર)ના ગુનાના કામે હીસ્ટ્રીશીટર નાસતો-ફરતો આરોપીને ઝડપી પાડતી અમરેલી એસ.ઓ.જી.ટીમ.</u>**

શ્રી સાહેબ, પોલીસ મહાનિરીક્ષકશ્રી ભાવનગર વિભાગ, ભાવનગરનાંઓ દ્વારા સમગ્ર ભાવનગર રેન્જમાં બનતા ગંભીર પ્રકારનાં ગુન્હાઓ અટકાવવા તેમજ ગેર કાયદેસર હથિયાર ધરાવતા ઇસમોને ત્તાત્કાલીક પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવા અંગે જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ, નાઓ દ્વારા એ.ટી.એસ.ચાર્ટર મુજબના ગંભીર પ્રકારનાં ગુન્હાઓ અટકાવવા તેમજ ગેરકાયદેસર હથિયાર ધરાવતા ઇસમોને ત્તાત્કાલીક પકડી પાડી આરોપીઓ અંગે માહિતી મેળવી, આવા ઈસમોને જેલ હવાલે કરવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, તથા એસ.ઓ.જી. પોલીસ સબ ઇન્સ્પેક્ટરશ્રી તથા એસ.ઓ.જી. ટીમ એ.ટી.એસ.ચાર્ટર લગત સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે, સાવરકુંડલા રૂરલ પો.સ્ટે., બી-પાર્ટ ગુ.ર.નં.-૧૧૧૯૩૦૫૩૨૩૦૨૨૯/૨૦૨૩ આર્મ્સ એક્ટ કલમ-૨૫(૧)(બી)(એ)-૨૯, વિ. મુજબના ગુન્હાના કામે નાસતો ફરતો આરોપી અલીભાઇ ઉર્ફે અલીયો ઈબ્રાહીમભાઇ લાડક રહે.વીજપડી વાળો, વીજપડી ગામનાં બસ સ્ટેશન પાસે લાલ કલરની લાઇનીંગ વાળુ શર્ટ તથા બ્લેક કલરનું પેન્ટ પહેરી ઉભો છે તેવી ચોક્કસ ખાનગી બાતમી રાહે હકિકત મળેલ હોય, જે અનુસંધાને મજકુર હીસ્ટ્રીશીટર નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

પકડાયેલ આરોપી ઃ-

અલીભાઇ ઉર્ફે અલીયો ઈબ્રાહીમભાઇ લાડક ઉ.વ.૫૩, ધંધો-મજુરી, મુળ રહે.પાણીકોઠા, તા.તાલાળા, જિલ્લો ગીર સોમનાથ. હાલ રહે.વીજપડી, તા.સાવરકુંડલા, જિ.અમરેલી.

મજકુર પકડાયેલ ઈસમ વિરૂધ્ધ અસંખ્ય ગુનાહો રજીસ્ટર થયેલ હોય, અને હીસ્ટ્રીશીટર હોય, મજકુર આરોપીને ધોરણસર અટક કરી વધુ તપાસ અર્થે સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપેલ છે.

**પકડાયેલ આરોપીનો ગુન્હાહિત ઈતિહાસ ઃ-**

મજકુર પકડાયેલ ઈસમ વિરૂધ્ધ ખુનનાં ગુન્હામાં, તથા ગેરકાયદેસર હથિયાર રાખવાના, દેશી દારૂ બનાવવાના તથા ધરફોડ ચોરીનાં તથા આંતર જિલ્લામાં પણ અસંખ્ય ગુન્હાઓ સહિત ડફેર ગેંગ જેવા ગુનાઓ આચરેલ છે.

(૧) ખાંભા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૧/૨૦૧૭ ઇ.પી.કો. કલમ ૪૫૭, ૩૮૦

(૨) ખાંભા પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૩૮/૨૦૧૭, ઇ.પી.કો. કલમ ૪૫૭, ૩૮૦, ૫૧૧, ૧૧૪

(૩) ભેંસાણ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૦૬/૨૦૧૮, ઇ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૧૪

(૪) માણાવદર પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૨૧/૨૦૧૮, ઇ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦

(૫) ગીરગઢડા પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૮/૨૦૧૮, ઇ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦

(૬) વડીયા પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૨૬/૨૦૧૮, ઇ.પી.કો. કલમ ૪૫૭, ૩૮૦

(૭) ગીર-ગઢડા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૨૮/૨૦૧૮, ઇ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦

(૮) રાજકોટ શહેર આજીડેમ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૯૫/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૩૭૯

(૯) રાજકોટ શહેર આજીડેમ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૨૬૪/૨૦૧૮, ઇ.પી.કો. કલમ ૩૭૯

(૧૦) ડુંગર પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૧૮/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૩૭૯

(૧૧) મહુવા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૭૪/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૪૪૭, ૩૮૦

(૧૨) ઢસા પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૨૬/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૪૫૭, ૩૮૦

(૧૩) જુનાગઢ તાલુકા પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૧૦૪/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૭૯, ૩૮૦

(૧૪) બગસરા પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૫૫/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૪૫૭, ૩૮૦

(૧૫) રાજુલા પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૯૯/૨૦૧૮, ઇ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦, ૫૧૧

(૧૬) બાબરા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૧૩/૨૦૧૮, ઇ.પી.કો. કલમ ૪૫૭, ૩૮૦, ૧૧૪

(૧૭) બાબરા પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૧૧૯/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦

(૧૮) ધારી પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૭૪/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૪૫૭, ૩૮૦, ૫૧૧, ૧૧૪

(૧૯) ભેંસાણ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૫૬/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૪૨૬, ૪૨૭, ૫૧૧

(૨૦) સાવરકુંડલા ટાઉન પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૮૧/૨૦૧૮, ઇ.પી.કો. કલમ ૪૫૭, ૩૮૦, ૫૧૧, ૧૧૪

(૨૧) સાવરકુંડલા રૂરલ પો.સ્ટે., ગુ.ર.નં.૦૦૪૧/૨૦૧૯ ઈ.પી.કો.કલમ-૩૭૯, ૩૮૦, ૪૫૪, ૪૫૭

(૨૨) કોડીનાર પો.સ્ટે., ગુ.ર.નં.-૧૦૩/૨૦૨૩, આર્મ્સ એક્ટ કલમ-૨૫(૧)(એ), ૨૫(૧)(બી), ૨૯ તથા GP Act.કલમ-૧૩૫

(૨૩) સાવરકુંડલા રૂરલ પો.સ્ટે., બી-પાર્ટ ગુ.ર.નં.-૧૧૧૯૩૦૫૩૨૩૦૨૨૯/૨૦૨૩ આર્મ્સ એક્ટ કલમ-૨૫(૧)(બી)(એ)-૨૯, વિગેરે મુજબના ગુનાઓ રજી.થયેલ છે.

**આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ, નાઓની સુચનાં અને માર્ગદર્શન હેઠળ અમરેલી એસ.ઓ.જી.પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી તથા એસ.ઓ.જી. પોલીસ સબ ઇન્સ્પેક્ટરશ્રી તથા એ.એસ.આઇ. તથા હેડ કોન્સ દ્વારા કરવામાં આવેલ છે.**